R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 17 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH JULY 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥ 卐 ॥ શ્રી સંભવનાથાય નમો નમઃ ॥



દિવ્ય તપસ્વી પ.પૂ.આ.શ્રી.વિ.હંસરત્નસુરીશ્વરજી મ.સા. અને
પ્રવચન પ્રભાવક પ.પૂ.આ.શ્રી.વિ.તત્ત્વદર્શનસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
કલાપૂર્ણમ તીર્થધામ - દેવલાલીની પાવન ધરા પર

# મહાકલ્યાણકારી ૪૭ દિવસના ઉપધાનતપ ની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ સહ મોક્ષમાળા ને વરવાનાં મંગલમય અક્ષત વધામણાં....

## તપસ્વીરત્ના પ્રિયાંશી યજ્ઞા જયેશ માણેકજી લોડાયા
ઉ.વર્ષ-૧૧ (સાંધવ / મુલુંડ)



આત્મ સ્વભાવનું
સર્જન અને
સંસારી વિભાવનું
વિસર્જન એટલે જ
ઉપધાન તપ...
વ્યવ્હાર અને નિશ્ચયનું
અનુસંધાન એટલે જ
ઉપધાન તપ...

અભિનંદન... અભિનંદન...



ઉપધાન ઉપવનમાં ખીલેલ કળીની
મોક્ષમાળા : ૦૮/૦૬/૨૦૨૨

હંકારી ભવસાગરમાં ધર્મ નાવડી,
અવિચલ-અડગ બની, કરવા આતમ ઉધ્ધાર..
રાગ સંયમનો છેડી, નાની ઉંમરમાં
સાધનાની સરગમ વગાડી મનોહાર...
જતન કરી સર્વ જીવોનું, ઉપધાન કર્યું
અને સજી તું મોક્ષમાળ નો શણગાર...

ધર્મ પ્રત્યેનો તારો આ અનુરાગ સદાય
ખિલતો રહે અને દેવ-ગુરૂ-ધર્મની કૃપાથી
તું આત્મકલ્યાણકારી માર્ગ પર
આગળ વધતી રહે એજ અભ્યર્થના...

લિ.

## અ.સૌ. રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર
## (સાંધવ / મુલુંડ)




મમ્મી - પપ્પા : યજ્ઞા જયેશ લોડાયા
મોટા કાકી - કાકા : દિપાલી ચેતન લોડાયા, કાકી - કાકા : વર્ષા ભાવેશ લોડાયા
બહેનો : પ્રિશા અને દેવાંશી

Shilp શ્રી - 9819656510

# વધાઈ ! વધાઈ ! વધાઈ !



**Personal Attributes**

Birth Date : 03/11/1994

Height : 5' 8"

Place of Birth : Mumbai, Maharashtra

Native Place : Sayera, Kutch, Gujarat

Kutchi Dasa Oswal Jain

## Tanuj Smita-Tushar Shah

**Education :** Professional Year - Performance Education, Sydney

Master of Computer Science, University of Wollongong (near Sydney), Australia.

Bachelor of Information Technology,

James Cook University, Singapore.

**Work :** Presently - Data Analytics - Big Data (Brilliance Financial Technology, Sydney), Previous : Software usability tester (Part time-Applause, USA) Software Developer (Intern) Docentron, Singapore.



**Personal Attributes**

Birth Date : 03/11/1994

Height : 5' 1"

Place of Birth : Mumbai, Maharashtra

Native Place : Sayera, Kutch, Gujarat

Kutchi Dasa Oswal Jain

## Tanvi Smita-Tushar Shah

**Education & Profession :**

**LLB :** Rizvi College,
University of Mumbai

**BAF :** Mithibai College,
University of Mumbai

**Presently Working in a Solicitor Firm in Mumbai, Nariman Point.**

*: With Best Compliments From :*

**Father : Tushar Madhuker Shah, B.E. (Chem.)**

**Mother : Smita Tushar Shah, M.Com.**

Paternal Grandfather : **Madhuker Javerchand Shah (Lodaya)**

Paternal Grandmother : **Lilavati Madhuker Shah**

Maternal Grandfather : **Late Ratilal Manekji Maiseri**
Burhanpur MP (Jakhau-Kutch)

Maternal Grandmother : **Late Gunvantibai Ratilal Maiseri**

**: Family Business :**

# Mulji Ratanshi & Company

**(Group of Companies) - India**

9-11, Krishna Kunj, 74, R. A. Kidwai Road, Kings Circle, Mumbai - 400 019

Tushar Shah - +91 98202 25078 Smita Shah - +91 99691 95130

**તંત્રી સ્થાનેથી**

**પ્રકાશ સમીક્ષાના સર્વે વાચકોને કચ્છી નવું વર્ષ (અષાઢી બીજ)ની હાર્દિક શુભકામનાઓ** - ડૉ. હીરાચંદ દંડ



# જીવનસાથીની શોધ અને આત્મવિશ્વાસ

લગ્ન મનપસંદ પાત્ર સાથે થાય તો જ સફળ થાય એવી માન્યતા છે. લગ્ન એટલે કે ગૃહસ્થાશ્રમ એ ભારતીય સંસ્કૃતિનો એક મહત્ત્વનો પાયો છે. સમય આવતાં દરેકમાં મનપસંદ પાત્ર શોધવાની અદમ્ય ઇચ્છા જાગે છે, અને પછી શરૂ થાય છે સુયોગ્ય જીવનસાથીની શોધ. કોઇ પોતે શોધી લે છે તો કોઇ પારંપારિક રીતે મેળ બેસાડે છે. ઘણી જ્ઞાતિઓમાં ''સગપણ મેળાવડા'' યોજાય છે. આપણી જ્ઞાતિમાં મહાજનો ''સગપણ સેતુ'' કે ''યુવા મિલન''નું આયોજન કરે છે એ ખરેખર પ્રશંસાને પાત્ર છે.

સગપણ અને લગ્ન વિશે ઘણું બધું જ લખાઇ ચુક્યું છે, ચર્ચાઇ ચૂક્યું છે અને ચવાઇ ચુક્યું છે. છતાં ફરી એકવાર આ વિષય ઉપર લખવું ઘટે કેમકે સમાજ જીવનનું અસ્તિત્વ એના ઉપર ટકેલું છે. જીવનસાથીની પસંદગી કરતી વખતે બધીજ બાબતોને જોખી અને તોલીને જોવામાં આવે છે. અને જો કન્યાની બાજુએથી વિચારીએ તો લગ્ન પછી કન્યા ઉપર સામા પાત્રના કુટુંબનો કેટલો ભાર આવશે અને સાથેસાથે આવક, ઘર, કુટુંબમાં સભ્યોની સંખ્યા વગેરે બાબતોને ખૂબજ જીણવટપૂર્વક જોવામાં આવે છે.

ક.દ.ઓ. કન્યાઓ ભણેલી છે, પ્રગતિના સોપાન સર કરે છે અને એની સામે કદાચ યુવાનો ઓછું ભણેલા હશે. કન્યાઓની પણ મહત્ત્વકાંક્ષા અને સપના હોય છે. અમુક તમુક શહેરમાં રહેતા છોકરાઓ માટે એમની ચોખેચોખી ના હોય છે. ખાસ કરીને મુંબઇમાં રહેતી કન્યાઓ મુંબઇ અને આજુબાજુના પરાંઓમાં રહેતા યુવાનોને જીવનસાથી તરીકે વધારે પસંદગી આપે છે. પૂના, બેંગ્લોર, હૈદ્રાબાદ, અમદાવાદ, વડોદરા, રાયપુર, હુબલી, ચેન્નઇ માટે મુંબઇની કન્યાઓની પસંદગી બીજા કે ત્રીજા ક્રમે હોય છે. મુંબઇના યુવાનોને પણ પ્રથમ પસંદગી મુંબઇની કન્યા હશે. એક વાત કન્યાઓ અને યુવાનો બન્નેને સમજવાની કે જેમ તમે ઇચ્છો છો તેમ તમારો જીવનસાથી તમારી અને તમારા કુટુંબની જીંદગી ઝગમગાટ કરે તો શું સામેવાળા પાત્ર માટે તમે એમ કરવા ઇચ્છો છો? હવે મુદ્દાની વાત ઉપર આવીએ કે જીવનસાથી તો બધાને મળે છે પણ શોધવામાં સંઘર્ષ શા માટે થાય છે? અને આ સંઘર્ષ ફક્ત બહુજ ધનવાન વ્યક્તિને નથી થતો, ઉચ્ચ મધ્યમવર્ગથી લઇને નીચલા વર્ગને પણ થાય છે. આનો રસ્તો શું? આ લખનારનો અનુભવ કહે છે, જીંદગી જીવવા માટે જે આત્મવિશ્વાસ જોઇએ એ ક્યાંક ''ઓછો'' પડે છે અને આમાં કોઇએ પણ પોતાને ઓછો આંકવાની જરૂર નથી.

આ લખનારનો જાત અનુભવ છે કે ભલભલા એમ.બી.એ., મોટા ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ જેમની પાસે દુનિયાના સર્વે ભૌતિક સુખો છે એમને પણ જીંદગીમાં કશુંક ખૂટે છે એટલે એક વાત નક્કી છે કે પૈસા અને ભણતરથી ઘણું બધું શક્ય બને છે, પણ બધું નહીં.

પહેલાં સગપણ સેતુના કાર્યક્રમો રૂબરૂમાં થતા હવે લોકડાઉન પછી પરિસ્થિતિ બદલાતા પુસ્તકરૂપે/ડિઝીટલ આવૃત્તિ સ્વરૂપે બહાર પડશે. એવું તે શું કરી શકીએ કે આ પ્રક્રિયા સરળ બની જાય. લગ્નોત્સુકો જીવનસાથી શોધવામાં એકદમ સ્પષ્ટ વિચારધારા ધરાવે અને એ પ્રમાણે આગલું પગલું ભરે તો પછી ઘણી બધીજ સરળતા રહેશે. કેમકે એક વાતની બધાને ખબર છે. માનવીનું મન વાંદરા જેવું છે, કોઇને પણ જંપીને બેસવા દેતું નથી. આ સ્પષ્ટતા લાવવા પોતાના બાંધેલા


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૭, તા. ૦૫-૦૭-૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| ૧/૪ પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| ૧/૪ પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ખ્યાલોને તિલાંજલી આપવી અને કોઇના પણ વિશે કે એની જીંદગી વિશે અનુમાન બાંધવાનું બંધ કરી દેવું.

આ માટે ''સેલ્ફ હેલ્પ'' પુસ્તકો કે ''મેરેજ કાઉન્સલરો'' થોડાઘણા મદદરૂપ કે માર્ગદર્શક બની શકે પણ યુવાઓએ પોતાની જીંદગી પોતે કંડારવાની છે. ઘણા બધા સંઘર્ષ સાથે મહાજનો અને મંડળો સગપણ સેતુ જેવા આયોજનો કરી પ્રશંસનીય કાર્યો કરે છે અને અહીં એમને થોડા ડગલા વધારે ચાલવાની જરૂર છે.

લગ્નોત્સુકોને જીવનસાથીની શોધ કરવાથી માંડીને કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળીને આગળ વધવું, એનું માર્ગદર્શન આપવું જોઇએ. આજના યુવાનો આત્મવિશ્વાસુ, ઉત્સાહી અને લક્ષ્યવેધી છે જ પણ જીંદગીમાં મોટા પડકારો અને ઉતાર-ચઢાવ આવવાના જ અને સમય જતા આત્મવિશ્વાસ પણ ડગમગવા લાગે છે. હા એક વાત, કેટલીક માર્ગદર્શક સ્કુલો છે. ભલભલા તીસ્મારખાં ડગમગે છે અને ઘણા જ સંભલી પણ જાય છે. પણ વાત છે જીંદગીને પોતાની રીતે તાબામાં લેવાની. લગ્નોત્સુકોને એક વિનંતી, હકીકતમાં તમે લગ્નસંસ્થાને કેવી રીતે મુલવો છો? જીવનસાથી કેવો જોઇએ એ વાત તમે નક્કી કરી છે પણ એ પણ જુઓ, તમે તમારી જાતને તમારી કેવી રીતે મુલવો છો? અને અંતે સમાજમાં શું યોગદાન આપવા ઇચ્છો છો? શું તમે તમારી જાતને, તમારા કુટુંબને જીવનસાથીને અને સમાજને કાંઇ આપવા ઇચ્છો છો?

જીવન એ ગતિશીલ અને સતત પરિવર્તનશીલ છે, અને આ વાત લગ્નજીવનને લાગુ પડે છે. જ્યારે પાત્રો અને તેમના કુટુંબોને એકબીજાને મળવાનું થાય ત્યારે પોતાની આશાઓ, અપેક્ષાઓ તથા મુંઝવણો વિશે દિલ ખોલીને વાત કરી લેવી અને આમાં AUTHETICITY હોવી જ જોઇએ.

અને છેલ્લે જીવન બહુ જ સુંદર છે. તમે જેવું બનાવવા ઇચ્છશો એ એવું બનશે અને આ માટે તમારે એક્શન લેવા પડે છે. બસ લગ્નજીવન પણ એજ રીતે છે. અને તેમાંથી ઉદ્ભવ થતી મુંઝવણો, ઘર્ષણો, મનદુઃખો બધામાંથી પાર ઉતરી શકો છો અને આ માટે રસ્તા ખુલ્લા છે.



**- ઍડ. ઉદયન લાલજી શાહ**

## ક.દ.ઓ. કુટુંબો અને વસ્તી

તા. ૨૦ મે ૨૦૨૨ ના પ્રકાશ સમિક્ષાના તંત્રી લેખમાં શ્રી ઉદયન શાહે ઉપર જણાવેલ મથાળા હેઠળ લખેલ લેખ બહુજ સમયસરનો અને આજના યુવાનોએ અને ખાસ કરીને નવપરિણીત યુવાનોએ એને ફોલો કરવા જેવું છે.

આજથી ચાર પાંચ દાયકાઓ પહેલાં એ વખતની સરકારોએ વસ્તી નિયંત્રણમાં રાખવા ''હમ દો હમારે દો'' નું સુત્ર અપનાવ્યું અને જોરશોરથી જાહેરાતો એ વખતના બધાજ માધ્યમો દ્વારા કરવા લાગ્યા. અને એ વખતની અપવાદરૂપે એકાદ બે કોમ સિવાય બધીજ કોમો એનું અનુસરણ કરવા લાગ્યા. પરિણામે આજે આપણી ક.દ.ઓ. ની વસ્તી બહુ જ ઘટી ગઈ છે અને ઘટી રહી છે. આજે ઘણાં ન્યુક્લિયર કુટુંબોમાં એક બાળક જ દેખાય છે.




અમુક યુગલો ઈચ્છે છે તો પણ બાળકો નથી થતા. આજે એના માટે ફર્ટીલીટી કલીનીકો ઉભી થઇ છે. બર્થ કંટ્રોલ સાધનોના ઉપયોગના અતિરેકથી કદાચ કુદરતે આપણને આ સજા કરી હોય એવી મનમાં શંકા થાય છે. અમુક યુગલો લગ્ન જીવન માણવા એકાદ બે વર્ષ રહીને બાળકો થાય એવું આયોજન કરતા. પણ એ અરસામાં યુવકો ૨૦ થી ૨૫ વરસની અંદર પરણી જતા. જ્યારે આજે ઘણા ૩૦/૩૫ વરસે પરણે છે. અને મોટી ઉંમરમાં બાળકો થવાની સંભાવના ઓછી થતી જાય છે.

આજથી ૬૦/૭૦ વર્ષો પહેલાં લગભગ બધા જ કુટુંબોમાં ૫ થી ૭ બાળકો રહેતા. અને એ પણ ટુંકી આવક માં. મોટા બાળકો નાનાઓને સંભાળી લેતા અને એમનું ધ્યાન રાખતા. અને મોંઘવારી તો ત્યારે પણ હતી. અને આજના જેવી ખમતીધર શૈક્ષણિક સંસ્થાઓ પણ નહોતી જે સ્કુલ કોલેજના અભ્યાસ માટે સ્કોલરશીપ આપે. આજે તો ઉચ્ચ શિક્ષણ માટે વગર વ્યાજની લોન પણ ઉપલબધ છે.

મારા ખ્યાલ પ્રમાણે બધીજ જૈન કોમોમાં આપણી ક.દ.ઓ. જ્ઞાતિની વસ્તી સૌથી ઓછી છે અને ઓછી થતી જાય છે. પણ જ્ઞાતિ સંસ્થાઓ ખમતીધર છે. આજે આપણી વસ્તી વધે એની તાતી જરૂરિયાત છે. માટે તંત્રી લેખમાં જણાવ્યા મુજબ આપણી જ્ઞાતિ એ નવું સુત્ર અપનાવવાની ખૂબજ જરૂર છે. '' હમ દો ઔર હમારે મિનીમમ તીન'' અને ''સંતાન વૃધ્ધિથી સમાજની સમૃદ્ધિ''.

**-રમેશ જેઠાભાઈ નાગડા - કોચીન**

**૯૪૪૭૭૬૮૭૪૦**

## પરિવારના શુભ પ્રસંગોનો સથવારો

# લગ્નદીપ એટલે વિવિધતાનો ખજાનો

Since 1982

**LagnaDeep**

Legacy of Tradition

**SALE**

UPTO

**30%**

**ઓફર ૧ જુલાઈથી ૨૦ જુલાઈ સુધી**

**રીઅલ જરી એમ્બ્રોઈડરીના સ્પેશિયાલીસ્ટ**
**સાચી જરીના ઘરચોળા અને બાંધણીઓ**

પાનેતરનું
એકસ્ટ્રા ઓર્ડિનરી
કલેકશન

**કસબ અને ઝીક કસબની**
**સાડીઓ અને ચણીયાચોળીમાં**
**નવી ડિઝાઇનનું ભરપુર સ્ટોક**

બડકસબ
પિટા અને મોચી
ભરતમાં
નવી ડિઝાઈનો

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો

**022- 2568 0807, Mobile : 76666 88881 / 76666 22229**

બી-૧૩/૧૫, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

Follow us on :

**સેલ દરમ્યાન શો રૂમ ગુરૂવારે પણ ચાલુ રહેશે.**

# મળવા જેવા માણસ...

## શ્રી પ્રેમચંદ માલશી કલ્યાણજી મોતા-કુવાપધર (કોલકતા)



**'લાઈફ બોય હૈ જહાં, તંદુરસ્તી હૈ વહાં'** આ જિંગલ આપણે અનેક વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. એવું જ એક સ્લોગન **'હમ દો, હમારે દો'** પણ આપણે સૌ જાણીએ છીએ. આવો, આજે આપણે આ બન્ને સ્લોગન લખનાર ભારતના શીઘ્ર કવિ મુળ કુવાપધરના (હાલે કોલકતા) શ્રી પ્રેમચંદ માલશી કલ્યાણજી મોતા સાથે મુલાકાત કરીએ.

શ્રી પ્રેમચંદભાઈનો જન્મ ૧૯૪૬માં શ્રીમતી માનબાઈ માલશી મોતાને ત્યાં ખામગાંવ ખાતે થયો. તેમનું શિક્ષણ કોલકત્તામાં થયું. ૧૯૬૫માં સમગ્ર પશ્ચિમ બંગાલમાંથી સૌથી નાની વયે બી.કોમ.ની ડીગ્રી તેમણે પ્રાપ્ત કરી હતી. તેમણે તેમના પિતાજીને મસાલાના ધંધામાં મદદરૂપ થવા કાયદાનો અભ્યાસ છોડી દીધો હતો. અને આજે પણ તેઓ મસાલાના ધંધા સાથે જ જોડાયેલા છે. પ્રેમચંદભાઈએ ફક્ત દસ વર્ષની વયે ૧૯૫૬માં હિન્દુસ્તાન લીવરની જીંગલ લખવાની સ્પર્ધામાં ભાગ લીધો અને 'લાઈફ બોય હૈ જહાં' જીંગલ લાઈન લખીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યું હતું આનાથી તેઓને ખૂબજ પ્રસિદ્ધિ મળી હતી. આ જીંગલ એ સમયે રેડીઓ જાહેરાત માટે લખાયું હતું જે આજે પણ જાહેરાતમાં સંભળાય છે. તેમના અન્ય બે સ્લોગન 'અટરલી બટરલી ડીલીસીયસ અમુલ' અને 'હમ દો હમારે દો' પણ ખૂબજ પ્રખ્યાત છે. તેમણે શાળાના સમયમાં પણ મેગેઝીનનું સંપાદન કર્યું હતું, તેમજ લેખો પણ લખ્યા હતા. આવા શોખને કારણે તેઓ ૧૯૬૯માં કચ્છના દુષ્કાળ ઉપર કવિતા લખવા પ્રેરાયા અને ૨૩ વર્ષની વયે તેઓ નામાંકિત કવિ તરીકે ઓળખાવા લાગ્યા. તેઓ આજે પણ નિયમિત રીતે સમાચાર પત્રોમાં વિવિધ વિષયો ઉપર લેખો લખે છે. ભારતીય મસાલા બજાર ઉપર તેઓ વ્યાપાર, કચ્છમિત્ર, ફુલછાબ તથા અન્ય પત્રોમાં નિયમિત લેખો લખે છે.

પ્રેમચંદભાઈને ૧૦૦થી વધુ એવોર્ડસ્ મળ્યા છે અને ૧૫૦થી વધુ વખત તેઓનું ભારતના વિવિધ શહેરોમાં તેમજ વિદેશમાં પણ સન્માન થયું છે. તેમણે ૪૦૦૦ થી વધુ કવિતાઓ લખી છે જેમાંથી ૯૫% જેટલી કવિતાઓ અંગ્રેજીમાં લખેલી છે. પ્રેમચંદભાઈની બધી સિદ્ધિઓને લખવા માટે એક આખું પુસ્તક ઓછું પડે, અહિં મારે તો બે પાનામાં એ બધું સમાવવાનું છે એટલે હું ફક્ત મુખ્ય મુખ્ય મુદ્દાઓની નોંધ લઈશ.

પ્રેમચંદભાઈએ સમસામયિક વિષયો, રાજકીય પરિસ્થિતી જેવા વિવિધ વિષયો ઉપર કવિતાઓ લખી છે. તેમની કવિતાઓને શ્રી રાજીવ ગાંધી, બરાક ઓબામા, ક્વીન એલિઝાબેથના પરિવારજનો, રોનાલ્ડ રેગન જેવા વિશ્વનેતાઓ તથા નવલ તાતા, ધીરૂભાઈ અંબાણી જેવા ઉદ્યોગપતિઓ અને અન્ય અનેક મહાનુભાવોએ ખૂબજ વખાણી છે. ધી સ્ટેટમેન અખબારે તેમને 'ઈન્સ્ટન્ટલી યોર્સ' અને ધ ટેલીગ્રાફ અખબારે તેમને 'ઈન્સ્ટન્ટ પોએટ' તરીકે માન્યતા આપી છે. પ્રેમચંદભાઈએ ૨૦૦૭માં ગુજરાતની ચુંટણી વખતે ભાજપા માટે ૧૦ સ્લોગન લખ્યા હતા જે ગુજરાતભરમાં ખુબજ પ્રસિદ્ધ થયા હતા અને ભાજપા ચુંટણી જીતી ગયું હતું. પ્રેમચંદભાઈએ ૨૦૦૭માં ભાજપાના પ્રચાર માટે ૯ દિવસ સુધી ગુજરાતનો પ્રવાસ કર્યો હતો.

આવો, હવે પ્રેમચંદભાઈ પાસેથી વધુ માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** તમે સમગ્ર વિશ્વનું ભ્રમણ કર્યું છે, તમે દરેક ક્ષેત્રમાં વિશાળ અનુભવ મેળવ્યો છે. તમે કહી શકશો કે આપણી જ્ઞાતિને અત્યારે શેની જરૂર છે?

**પ્રેમચંદભાઈ :** સૌપ્રથમ આપણે એકબીજાને સહકાર આપવો જોઈએ. આપણા દરેક જ્ઞાતિજનોને દરેક ક્ષેત્રે મજબુત ટેકો આપવો જોઈએ જેથી આપણે સૌ સાથે વિકસિત થઈ શકીએ. બીજું, યોગ્ય સમયે સલાહ સૂચન મળવા જોઈએ અને જરૂર જણાય તો માર્ગદર્શન સમિતીનું ગઠન કરવું જોઈએ જેથી પારિવારીક પ્રશ્નો તથા વ્યવસાયિક બાબતોમાં પણ માર્ગદર્શન મળી શકે. અને ત્રીજું, આપણા યુવાનોને પરિવાર, જ્ઞાતિ અને દેશ માટેની તેમની ફરજો વિશે શીખવવું જોઈએ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

શિક્ષણ માટે વધુ સપોર્ટ આપવો જોઈએ તથા નાના ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવું જોઈએ જેથી મહિલાઓ પણ પોતાના પરિવારને મદદરૂપ થઈ શકે.

**પ્ર.સ.:** આપણી જ્ઞાતિ ૨૦૩૨માં કેવી હશે? તમને શું લાગે છે?

**પ્રેમચંદભાઈ :** આપણે આર્થિક રીતે વધુ સધ્ધર બનીશું, આપણા યુવાનો નોકરી તથા ધંધામાં ઉંચા પદો ઉપર હશે. આંતરજ્ઞાતીય લગ્નનું પ્રમાણ વધશે. આપણે વધુ સંખ્યામાં જ્ઞાતિજનોને સરકારી નોકરીમાં ઉચ્ચ પદો ઉપર જોઈ શકીશું.

**પ્ર.સ. :** તમારા ખૂબજ યાદગાર હોય એવા કાર્યો વિશે કહેવા વિનંતી.

**પ્રેમચંદભાઈ :** હું મસાલા બજાર વિશે તથા બજારની રૂખ વિશે અનેક વર્ષોથી લખું છું. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૧૨માં મને ગુજરાતના કિસાનોને મળવા બોલાવેલો. મેં ખેડૂતોને જીરાને બદલે ધાણાનું વાવેતર કરવા કહ્યું હતું. ધાણા ઉગાડવા સહેલા છે અને વળતર પણ સારું મળે છે. ૨૦૧૨માં ગુજરાત ૧.૫૦ લાખ બોરી ધાણા ઉત્પાદન કરતું હતું જે આજે ૩૨ લાખ બોરીનું ઉત્પાદન કરે છે અને કિસાનો વધુ સધ્ધર બન્યા છે.

૨૦૧૨માં ફરી એક વખત મેં ભારતના તત્કાલીન નાણામંત્રી શ્રી પ્રણવ મુખર્જીને વિનંતી કરી હતી, તેથી તેમણે રાષ્ટ્રીય બેંકોને હળદરની સામે ૬ ટકાના દરે લોન આપવા આદેશ આપ્યો. આ પગલાને કારણે હળદરના ઘટી ગયેલ ભાવની વિકટ સ્થિતિમાં દક્ષિણના અનેક ખેડૂતોના જીવન બચી ગયા હતા. જ્યાં સુધી હળદરના ભાવ સુધરે ત્યાં સુધી હળદર પોતાની પાસે રાખી શક્યા હતા અને આર્થિક નુકશાનથી બચી ગયા હતા.

તામિલનાડુના ખેડૂતોએ મને 'ફ્રેન્ડ્સ ઑફ ફાર્મર્સ' નું બિરૂદ આપ્યું હતું. તો આંધ્ર અને મહારાષ્ટ્રના ખેડૂતોએ મને 'ધરતીપુત્ર મિત્ર'નું બિરૂદ આપ્યું છે.

**પ્ર.સ.:** આપને અનેક ઍવોર્ડસ્ અને માન સન્માન મળ્યા છે એમાંથી કયો ઍવોર્ડ કે સન્માન વધુ યાદગાર છે?

**પ્રેમચંદભાઈ :** બધા જ ઍવોર્ડસ્ આમ તો એક સમાન મહત્ત્વ ધરાવે છે. હા, એમાંથી અમેરિકન પ્રેસીડેન્ટ રોનાલ્ડ રેગન તથા તેમના પત્ની નાન્સી રેગન દ્વારા સહી કરેલું 'લેટર ઑફ એપ્રિએશન' મને મળ્યું ત્યારે ખૂબજ આનંદ થયો હતો. તે ઉપરાંત કવીન એલિઝાબેથે મને મોકલેલો મારી કવિતા સાથેનો તેમના પરિવારનો ફોટોગ્રાફ પણ ખૂબજ ભાવવિભોર બનાવી ગયો હતો.

**પ્ર.સ.:** પ્રેમચંદભાઈ, મને ખાત્રી છે કે આપની જીવનકલા વાચકો માટે પ્રોત્સાહક બની રહેશે. સુંદર માર્ગદર્શક માહિતી બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

– **ડૉ. હીરાચંદ દંડ**

**ગતાંકનો સુધારો**

તા. ૨૦ જુનના અંકમાં મળવા જેવા માણસ કોલમમાં પ્રકાશિત મુલાકાતમાં શ્રી ઝુબીનભાઈનો મેઈલ આઈડી **jubinshah22@gmail.com** વાંચવો.


**કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ**

**શ્રી રાયચંદભાઇ ધરમશી અને**
**શ્રી કિરીટભાઇ લાપસીયા સંચાલિત**



**કિડની અને હાડકાં**
**રોગ નિદાન કેમ્પ**



**શનિવાર, તા. ૩૦.૭.૨૦૨૨**
**સમય : સવારે ૧૦ થી સાંજે ૫**
**સ્થળ : અનંતછાયા**
**આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ)**

આ કેમ્પમાં સેવા આપશે નિષ્ણાંત સર્જન
**ડૉ. રાજેશ ઠક્કર**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક
**શ્વેતા લાલકા - ૯૮૧૯૯ ૮૫૬૫૩/૦૨૨ ૨૪૦૩૪૩૭૨**



**Exclusive Embroidery & Upto date Finishing**

**જ્યોતિ** *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / 83692 52836** **Sunday Closed**

**Online Shopping via WhatsApp available. By appointment only.**

**Originally at Zaveri Bazar since 1976** Follow us on


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૧૪

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## રાજુ ઢોલી સાથે યાદગાર ક્ષણો...



આપણી જ્ઞાતિના એકમેવ ઢોલી શ્રી રાજુભાઈ

આજથી લગભગ ૩૦-૪૦ વર્ષ પૂર્વે, ડોંબીવલીના હોલમાં શ્રી મહાકાળી માતાને આહ્‌વાન કરતું એક ભક્તિમય ગીત પહાડી અવાજે, ઢોલ-તબલાનાં તાલે **''પાવાગઢથી પ્રિતે પધારી માં આવો ને''** સંભળાયું, ત્યારે રસ્તા પર ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો અને હોલમાં ભક્તિનાં રંગે ડોંબીવલીના ભાવિકજનો, ભક્તિરસમાં ભીંજાઈ રહ્યા હતા.

ધીમે ધીમે હું હોલનાં દરવાજા સુધી પહોંચ્યો, બહાર બેનર હતું શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી આયોજિત ''મહાકાળી-ભાવના'' મેં છત્રી બંધ કરી. હોલમાં પ્રવેશ કરવાની કોશીશ કરી પણ હોલ તો ઠસોઠસ ભરાઈ ગયો હતો.

દુર સ્ટેજ ઉપરથી એક લવર-મુછિયો, ઘટાદાર વાળોથી શોભતો, ઉંચા પહાડી અવાજે ઢોલને તાલબદ્ધ દાંડી પીટતો ગાતો હતો... **''ઝાંઝરીયા ઓ, ઝાંઝરીયા માડી તારા ઝાંઝરીયા...''**

સ્ટેજ ઉપર એક તરફ શ્રી મહાકાળી માતાની ફુલહારથી શોભતી છબી હતી. તેની પાસે જ એક ફાનસમાં દીવો ટમટમી રહ્યો હતો અને ધુપેડામાં ઉદીપ્ત ધુપથી આખું વાતાવરણ ભક્તિમય હતું. પધારેલા ભાવિજકનોને એક પછી એક ગવાતા ભક્તિ ગીતો રસબોળ કરી રહ્યા હતા.

એટલામાં જ એક વડીલ પોતાની બીડી પીવાની તલપને બુઝાવવા ઉભા થયા અને એ ખાલી થયેલ સાંકળી-માંકળી જગ્યામાં હું ગોઠવાઈ ગયો. હવે સ્ટેજ ઉપર માઈક અસલ કચ્છી બ્રાન્ડ ભરાવદાર મુછો ધરાવતા વાંકડીયા વાળ વાળા પહોળા લલાટથી શોભતા એક કલાકાર પાસે ગોઠવાયો. એક સુંદર આલાપ લઈ મહાકાળી માં ની છબી સામે હાથ જોડી જાણે આશીર્વાદની અર્ચના કરતા હોય તેમ સુંદર સ્તવન ઉપાડ્યું- **''મોરલો ટહુકા કરતો જાય, મોરલો ડુંગરે ડુંગરે જાય...''**



યુવાન રાજુ ઢોલી



ઢોલના તાલે થનગનતા ખેલૈયાઓ

અને અચાનક એ આવેલ કલાકારોમાંથી બે-ત્રણ જણાએ મંજીરાથી સાથ આપવા માંડ્યો તો એક કલાકાર હાથમાં મંજીરા વીંટી ઉંચે-નીચે થઈ વળી ક્યારેક ઉભો થઈ હવામાં મંજીરા તાકી વગાડવા લાગ્યા. આ અદ્‌ભૂત ભક્તિ પ્રદર્શન જોઈ હું પણ હોલમાં હાજર ભક્તજનો સાથે તાળીઓથી સાથ પુરાવા લાગ્યો.

ઘડિયાલનાં કાંટા ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. બાહર ધીમો પણ સતત વરસાદ વરસી રહ્યો હતો. રસ્તા પર આવન-જાવન કરનારા ભીંઝાતા હતા અને હોલમાં અમે બધા...

હવે માતાજી પાસે નૈવેદ્યનો થાળ મુકવામાં આવ્યો હતો. અને ભક્તિ ગીત ઉપડ્યું- **''માડ઼ી અચો મુંઝે ઘરે રબ રંધાણી... રબ રંધાણી ને...''** ભક્તિ ગીતો વચ્ચે આવતી કાલે પયુર્ષણ ક્ષમાપના દિવસની ઉજવણી માટે શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીનો વાર્ષિકોત્સવ હતો અને એની શુભ શરૂઆત જ્ઞાતિના પ્રાતઃસ્મરણીય શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવી થનાર હોવાથી તેની ઉચ્છામણી રૂ.માં શરૂ થઈ. એક પછી એક ભક્તિગાન બાદ તે નવા શિખરો સર કરતી હતી. અને ત્યારબાદ માતાજીની ચુંદડી ઓઢાળવાની ઉચ્છામણી લેનાર ભક્તજન ચુંદડી ઓઢાળવા આગળ આવ્યાં અને લયબદ્ધ સુરમાં ગીત ઉપડ્યું- **''જીરે જીરે ચુંદડીયે રંગ લાગ્યો...'' (વધુ આવતા અંકે...)**

શ્રી ઝવેરચંદ કેશવજી લોડાયા (ડોંબીવલી-સાંયરા) તરફથી ''રાસેશ્વર લક્ષ્મીચંદ ભારમલ નાગડા''ની જન્મશતાબ્દી વર્ષમાં જન્મભૂમિમાં છપાયેલ લેખ મળ્યો છે. વધુ વિગત આવતા અંકમાં...

ગંતાકમાં સુધારો ''ચલતે-ચલતે ભાગ-૧૩ ત્રીજા ફકરામાં ઉં. વર્ષ ૧૬, ધોરણ ૯માં બદલે ધોરણ-૧૨ વાંચવું. ભુલ બદલ ક્ષમસ્વ.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# શરીરને નિરોગી બનાવનાર ઉપયોગી હરડે-હરિતકી



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), M : 8369077978

''नास्ति यस्य गृहे माता, तस्य माता हरितकी'' અને ''माता कदापि कोपयति, हरितकी न कोपयति।'' આ બન્ને સંસ્કૃત વાક્ય હરડે-હરિતકીની મહત્તા સમજાવે છે જેના ઘરમાં માતા નથી તેની માતા હરડે જ છે. અને માતા ક્યારેક ગુસ્સે થાય છે બાળક પર પણ હરિતકી કદી ગુસ્સે ન થાય અર્થાત્ નુકશાન ન કરે. આમ તેને માતાના સ્થાનથી પણ ઉચ્ચ સ્થાન અપાયું છે.

શરીરના મોટા ભાગના રોગોનું મૂળ પેટ-પાચન જ છે, અને પાચન ન થાય એટલે કબજીયાત થાય એને મટાડવા આપણે અનેક પ્રકારના ચૂર્ણ-દવા લઈએ છીએ. આ ચૂર્ણ કે પેટ સાફની દવાઓ કાયમ ન લેવાય કારણ તેનાથી આંતરડા નબળા પડી જાય છે. ફક્ત હરડે જ એવી દવા છે જે કાયમ લઈ શકાય અને તેના ઘણા ફાયદા મેળવી શકાય.

હરડે પેટ સાફ રાખી શરીરને નિરોગી બનાવે જેથી આયુષ્ય વધારે, યાદશક્તિ, ધારણાશક્તિ વધારે, યોગવાહી, રસાયન, અગ્નિ પ્રદીપ્ત કરનાર, સારક, મળને ખોતરી કાઢનાર, વાતાનુલોમક, નેત્રનાં દુઃખ દૂર કરનાર, યુવાન બનાવનાર, બળ આપનાર, પ્રભા અને રંગને સુધારનાર, ઈન્દ્રિયોને પ્રસન્ન, શાંત રાખનાર છે. સ્વર સુધારે છે, બેડોળપણાને દૂર કરી સુંદરતા બક્ષનાર, કારણ તે દુબળા અને જાડા હોય તેને સરખા કરનાર દિવ્ય ઔષધી છે. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર સાતે ધાતુઓને સરખા કરી ઘડપણ અને રોગ બન્નેને દૂર કરે છે. માથાનું દર્દ, આંખના રોગ, આંખના રેટીના (પડદા)ની તકલીફ દૂર કરે. સ્વરતંત્ર, વિષમજ્વર, જીર્ણજ્વર, પાંડુ, હૃદયના રોગ, કમળો, શોષ, સોજા આવવા, મૂત્રકૃચ્છ, સંગ્રહણી, અતિસાર, પથરી રોગ, ઉલ્ટી, પ્રમેહ, કરમિયા, શ્વાસ, ઉદર રોગ, ઉધરસ, વધુ પસીનો આવવો, કબજીયાત, આફરો, કાનના રોગ, અર્શ, પ્લીહા, ત્રિદોષ, હેડકી આવવી, સાથળ જકડાઈ જવા, શૂળ, અરૂચી જેવા સર્વ રોગોનો નાશ કરે છે.

હરડેને સોપારીની માફક ચાવીને ખાવાઓથી પાચક રસ વધે છે. ખાંડીને ખાવાથી મળશુદ્ધિ કરે છે, અને બાફીને ખાવાથી મળને બાંધે છે (ઝાડાના રોગમાં હિતકર) શેકેલી હરડે ત્રણેય દોષોનો નાશ કરે છે.

(૧) **કફ પ્રકૃતિ :** કફ પ્રકૃતિ વાળી વ્યક્તિએ હરડે સિંધવ નમક સાથે (હરડે ૧ચ.= ૩ થી ૪ ગ્રામ આશરે) તેમાં અડધો ગ્રામ સિંધવ નમક ઉમેરી ખાવું. (૨) **પિત્ત પ્રકૃતિ :** એસીડીટી, ગળા અને છાતીમાં બળતરા એટલે પિત્ત પ્રકોપ વધુ હોય તેણે હરડે ખડી સાકર સાથે (હરડે ૧ ચ.+ અડધો ગ્રામ ખડી સાકરનો પાવડર) (૩) **વાયુ પ્રકૃતિ :** વાયુ પ્રકૃતિ હોય તેમણે હરડે ગીરની ગાયના શુદ્ધ ઘી (૧ ચ. હરડે અડધી ચ. ઘી) સાથે લેવું. નોંધ આ નમક, સાકર કે ઘી સાથે હંમેશા નથી લેવાનું. થોડાક દિવસ આમ લીધા બાદ ફક્ત હરડેનો જ ઉપયોગ લેવો. કેમકે હરડે પોતે જ રસાયણ છે.

**હરડે કોણે ન લેવી :** જેને તૃષા રોગ હોય, કંઠમાં શોષ પડતો હોય, જેના બળ અને ઈન્દ્રિય ક્ષીણ થયા હોય, રૂક્ષ, કૃશ બનેલ અને ઉપવાસ કરવાથી નિર્બળ બનેલાએ, બ્લડ ડોનેશન કર્યું હોય તેણે, ક્ષય રોગવાળા અને ગર્ભવતી મહિલા કે સુવાવડ પછી પણ સવા મહિના સુધી હરડે લેવી નહિં. ખૂબ ઉપયોગી છતાં ગર્ભવતી મહિલા અને ઉપર દર્શાવેલ રોગીએ હરડે ખાસ લેવી નહીં.

કોઈપણ રોગ ન થાય એ માટે રોજ નિયમિત ૧ ચમચી હરડેની ભુક્કીની ફાકી મોંમા લઈ ઉપર હુંફાળુ પાણી પીવું. મરડામાં હરડે+સૂંઠ+ગોળ સમભાગે લઈ (ડાયબીટીઝવાળાએ ગોળ ન લેવું) તેમાં ૧ ચ. લીમડાના પાનનો રસ નાખી ગોળી કરી ખાવી, દમ અને હેડકીમાં હરડે +સૂંઠ (૧.૧. ચ.) ગરમ પાણી સાથે લેવું. આંખોના કોઈપણ રોગમાં ત્રિફળા (હરડે, બહેડો, આવળા)નું ચૂર્ણ ગોળ અને અસલી ઘીમાં લેવું. ત્રિફળાના પાવડરને રાત્રે પાણીમાં નાખી રાખો, સવારે આ પાણીને વસ્ત્રગાળ કરી આઈકપથી આંખોને અંદર ડુબાડી આંખોને ચોતરફ ફેરવવી અથવા ત્રિફળાના ત્રણે ફળ પાણીમાં ઘસી મહિનામાં ૪-૫ વખત તાજુ તાજુ આંખમાં અંજન કરવું. અજીર્ણમાં મોટી હરડેનું ચૂર્ણ+સૂંઠ સમભાગે લઈ ગોળમાં ભેળવી પાણી સાથે લેવું આનાથી અન્ન પાચન થઈ ભૂખ લાગે છે. મગના ઓસામણ સાથે ૧ ચ. હરડે ચૂર્ણ લઈ હલ્કુ ભોજન કરવાથી કાયાકલ્પ થાય છે. ભોજન પછી હરડે લેવાથી વાત-પિત્ત-કફ ત્રણેયનો નાશ કરે છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

એરંડભ્રષ્ટ હરડે ઉત્તમ છે તેથી ઘરે એરંડીયા (દિવેલ) તેલમાં ધીમાં તાપે ઓછું શેકી, ઠંડું થતાં તેના પાવડર બનાવી ઉપયોગમાં લેવાય. અહીં ધ્યાન રાખવું કે વધુ શેકવાથી હરડેના ગુણો કેટલાક અંશે નાશ થાય છે. પરિણામ હરડેનો યથાયોગ્ય લાભ મળતો નથી તો તે માટે શેકતી વખતે બિલ્કુલ ધીમા તાપે થોડું જ શેકવું. હરડેનો ઉપયોગ શરૂ કરતાં શરૂઆતમાં ૨-૩ જુલાબ આવે તો ગભરાવું નહીં, શરૂમાં તે પેટના કચરાને બહાર કાઢશે. તેમજ પ્રથમ બે-ત્રણ દિવસમાં ઉલ્ટી જેવું થાય તો ગભરાવું નહીં, કફનું પ્રમાણ હોજરીમાં વધુ છે તેમ સમજવું.

આખા લેખનો સાર એજ કે હરડે નિરોગી રહેવા માટે ખૂબ ઉપયોગી છે તેથી હળવુ શેકી ને કે ખાંડણીમાં (શેક્યા વગર) ખાંડીને કે સોપારીની જેમ મોંમા ચગળી નરમ થતાં ચાવીને ખાવું જરૂરી છે. ભોજન પહેલા કે ભોજન પછી, સવારે કે રાત્રે કોઈપણ સમયે હરડે ખાવામાં આવે તો પથ્ય જ છે અને ફાયદાકારી જ છે. આપણા વડીલો કહેતાં કે દેવું કરીને પણ ઘી પીવું એ જ રીતે હું કહું કે દેવું કરીને પણ હરડે નિત્ય લ્યો તો કાંઈ ખોટું નથી જ. વાચકગણ સૌ હરડે લેવાની શરૂઆત કરો અને તેની નિયમિતતા જાળવો.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.**

**સોનલ આર્ટ**

**અમારી બીજી કોઈ શાખા નથી**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાા ઓફીસની સામે, **થાણા-૪૦૦ ૬૦૪.**



॥ મહાવીરાય નમઃ ॥

**સોમનાથ ટુર્સ અને ટ્રાવેલ્સ - કોઠારા**



**અમારી સેવાઓ**



- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરો **નિરવ મુનવર : 8320965711**


## શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

સર્વ સભ્ય ભાઈ બહેનો જોગ,

દર વરસની જેમ આ વરસ પણ પર્વધિરાજ પર્યુષણ પર્વની આરાધના આપણા ગામમાં કરાવવાનું ટ્રસ્ટ બોર્ડે નક્કી કર્યું છે. વીર સંવત ૨૫૪૮ના શ્રાવણ વદ-૧૩ને બુધવાર, તા. ૨૪.૮.૨૦૨૨થી ભાદરવા સુદ પાંચમને બુધવાર તા. ૩૧.૮.૨૦૨૨ પર્વની આરાધના કરવાનું નક્કી કરેલ છે. જમવા તેમજ રહેવાની વ્યવસ્થા તા. ૨૩.૮.૨૦૨૨ના સાંજથી તા. ૧.૯.૨૦૨૨ના બપોર સુધીની રાખવામાં આવશે.

તપસ્વીઓ માટે ગરમ પાણીની વ્યવસ્થા રહેશે. સવારે નવકારશી, બપોરે જમણ, સાંજે ચા-પાણી તેમજ સાંજે ચોવિયારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. સેવા પુજા બાદ ધાર્મિક વાંચન, સવાર સાંજ પ્રતિક્રમણ પણ રહેશે અને સાંજે ભાવના પણ થાય તેવી રીતે વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તો સર્વ ગામના વતનીઓને તેમજ નીયાણી બેન દીકરીઓએ સહકુટુંબ પધારવા વિનંતી. આ ઉપરાંત વાંચન પછી તેમજ સાંજે સામાયિક પછી પ્રભાવના થશે.

પર્યુષણ દરમ્યાન નકરા નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

(૧) નવકારશી નકરા રૂા. ૪૦૦૦/- (૨) બપોરનું જમણ-રૂા. ૧૧૦૦૦/- (૩) સાંજની ચા રૂા.૧૦૦૦/- (૪) સાંજના ચોવિયાર-રૂા. ૭૦૦૦/- (૫) તા. ૧.૯.૨૨ના છઠ પારણાની નવકારશી તથા બપોરનું જમણ-રૂા.૨૧૦૦૦/- (૬) આખા દિવસનો નકરો રૂા. ૧૭૦૦૦/-.

ઉપર જણાવેલ નકરામાં ગામવાસીઓ દિલથી તેમજ ઉત્સાહથી ભાગ લેશો તેવી ટ્રસ્ટ બોર્ડ આશા રાખે છે.

બહારગામથી આવવા માંગતા આરાધકોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના નામ મુંબઈ ઓફીસે અથવા શ્રી કલ્પેશભાઈ-૭૯૮૪૧૪૩૦૬૭-૮૧૪૦૮૧૧૮૭૨ અથવા શ્રી જયેશભાઈ-૯૮૨૫૬૫૦૫૧૫-૯૬૬૪૫૮૬૮૧૫ ઉપર આપના નામ નોંધાવશો. આવનાર વ્યક્તિએ પોતાનું ઓળખપત્ર, આધારકાર્ડ સાથે રાખવું જરૂરી છે. તેમજ જરૂરી દવાઓ પણ સાથે રાખશો.

રહેવાની વ્યવસ્થા મર્યાદિત હોવાથી વહેલો તે પહેલા ધોરણે બુક થાશે.

**લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ વતી**
**અશોક મણીલાલ દંડ (પ્રમુખ)ના જય જિનેન્દ્ર**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૭-૨૦૨૨


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨






**આડી ચાવીઓ :**

૧) આગમોની ભાષા (૪)

૩) શત્રુંજયની .... તળેટી (૨)

૪) એક અષ્ટમંગળ (૩)

૫) સિદ્ધ ભગવાનોનો વર્ણ (૨)

૬) પાટણમાં આવેલ ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૨)

૭) .... પાસે આવેલ પાનસર તીર્થ (૩)

૧૦) ગૌતમસ્વામી શેના ભંડાર હતા (૨)

૧૧) ... ના મહત્ત્વવાળું રાણકપુરનું જીનાલય (૨)

૧૨) જામનગરમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

૧૩) તપના પ્રકાર (૧)

૧૫) અચ્છેરા કેટલા? (૨)

૧૬) ઓળીનો એક મહિનો (૨)

૧૭) માંડલમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)

૧૯) એમના જેવા ભાવ (૫)

૨૧) અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે. (૬)

૨૩) ચુલી તીર્થ જેની પાસે આવેલ છે તે ગામ (૪)

૨૬) પ્રભુની પૂજા કરતા કરતા કેવળ જ્ઞાની બન્યા. (૪)

૨૮) આ ભાવ મનમાં રાખો (૨)

૨૯) હું છું ... મારો જાલજો રે હાથ (૩)

30) અહીં ભટેવા પાર્શ્વનાથ મુળનાયક છે. (૩)

**ઊભી ચાવીઓ :**

૧) પાણીના જીવો (૪)

૨) પ્રતિષ્ઠા સમયે ... જીનાલયની બહાર સ્થપાય છે. (૫)

૩) અષ્ટપ્રકારી પૂજામાંની એક (૨)

૪) સિદ્ધચક્રના સર્વશ્રેષ્ઠ આરાધક (૩)

૫) તપગચ્છના સાધુ-સાધ્વીઓના પાનાનો રંગ (૨)

૮) નવમું પાપ સ્થાનક (૨)

૯) અંબાજી પાસે આવેલ એક તીર્થ (૫)

૧૪) બ્રહ્મચર્યની નવ ...... છે (૨)

૧૫) એક અષ્ટમંગળ (૩)

૧૬) શ્રીમદ્ રાજચંદ્ર રચિત ગ્રંથ (૪)

૧૭) એક અનંતકાય (૩)

૧૮) સિધ્ધ ભગવંતોના ગુણ (૨)

૨૦) સંયમનું ઉપકરણ (૫)

૨૨) માતાપિતા અતિધાર્મિક હોવાથી આ તીર્થંકરનું નામ ....... પડ્યું (૪)

૨૪) એક અંધારિયો પક્ષ (૨)

૨૫) આ ભાવ કેળવો (૨)

૨૭) ગુરૂ ભગવંતો ને ગોચરીમાં અપાતું એક ફળ (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૬.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ઘોડો (૫) સાંડેરાવ (૭) સમેત શિખરજી (૧૦) લાલા (૧૧) અમમ (૧૩) ત્રણ (૧૪) સ્તુતિ (૧૬) સતિ (૧૭) સમયશ્રી (૧૮) આઠ (૨૦) લોક (૨૧) મતિ (૨૨) નામ (૨૪) દિશા (૨૫) અનાથ (૨૭) હઠીસિંહ (૨૯) નંદીશ્વર (૩) વાલમ. **ઊભી ચાવીઓ :** (૨) ડોસલા (૩) સાત (૪) નખ (૫) સાંજી (૬) વસુમતી (૮) શિવમસ્તુ (૯) રથ (૧૦) લાજ (૧૧) અણસઠ (૧૨) સમયસાર (૧૫) તિલક (૧૭) સગર (૧૮) આગમ (૧૯) શાંતિનાથ (૨૦) લોકાશાહ (૨૩) કાકીંદી (૨૬) નાડોલ (૨૮) સિંહ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.**

# DEATH: UNDERSTAND IT AND SET YOURSELF FREE!

Crystal Magic was established in 2019 with the motto 'To touch and transform more and more lives'. Since then, it has kept up to its motto through various healing modalities, crystal consultations, WhatsApp based self-healing and spiritual growth workshops, home and office energizing procedures and many more. Many people having no idea about alternative healing, grappling with ailments, relationship issues, fears, looking for answers to the tough questions that life throws at them, have been shown the world of magic, healing and miracles.

Dipal Dand, the proprietor of 'Crystal Magic' is a certified Chartered Accountant. But as destiny may have it, she was attuned to Reiki during her maternity leave. And after that there was no looking back. The beautiful spiritual journey had begun. After Reiki initiation followed Reiki level two, Crystal theta healing, Angel guidance, Access consciousness bars and then Pranic healing. In addition to this she was guided to read a lot of spiritual books and via spiritual growth, meditations etc., has intuitively developed following WhatsApp based self-healing and spiritual growth workshops:

1. **Angel Guidance Workshop : Learn the simple, yet beautiful art of invoking angels and taking their help in resolving financial, emotional, physical, mental, and spiritual issues.**
2. **Angel Guidance Workshop with special reference to Weight Loss**
3. **Angel Guidance Workshop with special reference to Diabetes**
4. **Angel Guidance Workshop with special reference to High Blood Pressure**
5. **18 Days Prayer Workshop**
6. **21 Days Forgiveness and Blessing Challenge**
7. **Seven Chakra with do-it-yourself healing workshop**
8. **Affirmations workshop**
9. **Relationships and Emotional Healing Workshop**
10. **Om Namah Shivay Chanting**
11. **Finding true inner Happiness**

**for details of these workshops kindly visit https://crystalmagic.in/workshops/**

And after all these, Dipal Dand is now spiritually guided to take up one of the most tabooed topics of our times. DEATH. With a lot of ignorance connected with this topic, a lot of fears and false notions are attached. This ignorance can have much unwanted karmic consequences. Knowing and understanding death can not only relieve us of fear of death and what will happen after death, but can also help us to deal with the death of loved ones (especially untimely or sudden death) and change our lives drastically. Learn how to prepare for death. Yes! You need to prepare for death if you wish to turn your life and death into a beautiful experience!

The earlier in life you know about these secrets, more beautiful your life, death and after death becomes.

**Join Dipal Dand for a live zoom session on DEATH: UNDERSTAND IT AND SET YOURSELF FREE!**

**On Sunday 17th July, 2022.**

For more details contact: **Crystal Magic, Dipal Dand - 9867120640**

https://crystalmagic.in/ **https://crystalmagic.in/testimonials/**

Advt.

સમય પ્રવાહ

# મોટા દેખાવાનો મોહ- ભાગ ૧

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો.9978903247



એકાદ વર્ષ પહેલાં મારે ડોક્ટરની સેવાની જરૂર પડેલ ત્યારે અમારા ફેમિલી ફીઝીશિયન બહારગામ હોવાથી એક અન્ય ડોક્ટરની સેવાની જરૂરત પડી, ત્યારે તે ડોક્ટરે (ડોક્ટર પટેલ) ઓળખાણ કે રેફ્રન્સ માંગેલ. મેં તેમને અમારા ફેમિલી ફીઝીશિયનનું નામ આપ્યું અને ત્યાર પછી મારા અગાઉના ફેમિલી ફીઝીસિયનનું નામ આપ્યું, જે સ્વર્ગવાસી થઇ ગયા હોવાથી તેમના પુત્ર જે મારા સ્વ. પત્નીના વિધાર્થી છે અને ફીઝીઓથેરાપી વિષયમાં માસ્ટર એટલેકે એમ્પીટી (MPT) છે, તેનું નામ આપ્યું. મારા પત્નીએ સુરતની બે જાણીતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આચાર્યના પદ પર સેવા આપેલ. મારા અગાઉના ફેમિલી ફીઝીશિયન, સુરત ફેમિલી ફીઝીશિયન અસોસિએશનના પ્રમુખ રહી ચૂકેલ છે અને વર્ષો સુધી અમારા પારિવારિક મિત્ર રહી ચુક્યા છે. તેમના ત્રણે સંતાનો મારા સ્વ. પત્નીના વિધાર્થી છે. ડોક્ટરને આ વિગતો યોગ્ય લાગી અને તેમણે મને જરૂરી સેવા પણ આપી. ત્યાર પછી થોડી મૈત્રી થઇ. તેમણે મને કહ્યું કે શાહભાઈ તમારી બધી વાત બરાબર, પણ તમે જે ફીઝીઓથેરાપિસ્ટ ભાઈનું નામ કે ઓળખાણ ડોક્ટર તરીકે આપી એ વાત અમારી મેડિકલ શાખામાં માન્ય નથી. ફીઝીઓથેરાપિસ્ટ એ મેડિકલ શાખામાં પેરામેડિકો (પેરામેડિક-એક વચન) ગણાય છે અને તેમને તેમના નામની આગળ ડોક્ટરનું વિશેષણ લગાડવાનો અધિકાર નથી. જેમ તમે ડિગ્રી ધારક એન્જીનીઅર છો એટલે તેમે તમારી ઓળખાણ એક એન્જીનીઅર તરીકે આપો તે યોગ્ય છે, પણ કોઈ ટેક્નિકલ વિષયમાં ડિપ્લોમા કરીને પોતાની ઓળખ એન્જીનીઅર તરીકે આપે તે કેટલું યોગ્ય છે? પણ ભારતમાં મોટા કે મહાન હોવા કરતાં મોટા કે મહાન દેખાવાનો જે મહારોગ ફેલાઈ રહ્યો છે તેની સામે કોરોના પણ કંઈ નથી અને આ રોગની કોઈ દવા નથી! આ પ્રસ્તાવના જે આ લેખનું બીજ કે કેન્દ્રીય વિષય છે, તેના આધાર પર આ લેખનું વિસ્તરણ કરેલ છે. કોઈને નીચા દેખાડવાનું કે માન હનન કરવાનો ઈરાદો નથી.

મોટા કે વિશિષ્ઠ હોવું એ સારી વાત છે પણ હોય તેના કરતાં વધારે મોટા દેખાવું એ યોગ્ય ના માની શકાય. કદાચ આ પ્રથાની શરૂઆત દક્ષિણ ભારતમાંથી શરૂ થઇ છે. ત્યાં કેટલાક જાણીતા અને લોકપ્રિય ફિલ્મ અભિનેતાઓની નવી ફિલ્મની રજૂઆત વખતે કે તેમના જન્મ દિવસના દિવસે તેમના ૪૦-૫૦ ફીટના કટાઉટ જાહેર રસ્તાઓ કે ચોક જેવી જગ્યાએ મુકવામાં આવતા. સ્વ. એન. ટી. રામારાઓ, એમ. જી. રામચંદ્રન કે રજનીકાન્ત આ પ્રકારની પ્રસિદ્ધિ કે પ્રચાર માટે જાણીતા છે. આમાંથી કેટલાક અભિનેતા જેમકે સ્વ. એન. ટી. રામારાઓ, એમ.જી. રામચંદ્રન એ રાજકારણમાં આવતા રાજકારણી બન્યા અને તે પ્રથા રાજકારણમાં પણ આવી. આસ્તે આસ્તે આ પ્રથા ભારતના અન્ય રાજ્યોમાં પણ ફેલાઈ જેમાં કદાચ મહારાષ્ટ્ર પ્રમુખ છે.

એકાદ દસકા પહેલા મારે ડોંબિવલી વારંવાર જવાનું થતું, ત્યારે ત્યાંના માર્ગો પર જગ્યાએ જગ્યાએ આવા કટાઉટ, બેનર અને બોર્ડ જોવા મળતા જેમાં કોર્પોરેટર જેવા સ્થાનિક સ્તરના વ્યકતિઓ પણ જાણે બહુ જ મોટા નેતા હોય તે પ્રકારની પ્રસિદ્ધિ, પ્રચાર કે આભાશ (હવા) ઉભો કરતા જોવા મળતા. અત્રે યોગ્ય અને યથોચિત લાગતાં ઉલ્લેખ કરૂં છું. શ્રીમતી કિરણ બેદી જે પોલીસ વિભાગમાંથી નિવૃત થયા; ત્યાર પછી રાજકારણમાં જોડાયા અને દક્ષિણ ભારતના પુડુચેરી પ્રાંતના ગવર્નર બન્યા ત્યારે તેમણે રાજકારણીઓ કે ફિલ્મ અભિનેતાઓની આ પ્રકારની પ્રસિદ્ધિ, પ્રચાર કે આભાશ (હવા) ઉભા કરવાની પ્રવૃતિ પર થોડો અંકુશ મુકવાનો પ્રયાસ કરેલ અને પુડુચેરી પ્રાંતના મોટા ભાગના વિસ્તારોમાંથી કટાઉટ, બેનર અને બોર્ડ વગેરે હટાવવાના હુકમ પણ કરેલ. પ્રસિદ્ધિ કે પ્રચાર એ કદાચ દરેક મનુષ્યના ડી. એન. એ. કે જીન્સમાં રહેલું લક્ષણ છે અને પટાવાળાથી માંડીને પ્રધાન કે મજૂરથી માંડીને મહાત્મા, સૌ કોઈ તેમાંથી બાકાત નથી. પણ પોતાના સ્તર કરતાં વધારે મોટા, મહાન કે સફળ દેખાડવાનો આભાશ (હવા) ઉભો કરવાની જે પ્રથા કે ચલણ જોવા મળી રહયું છે તેની સામે કિરણ બેદી જેવા કોઈક જ પગલાં લઇ શકયા કે ડોક્ટરે (ડોક્ટર પટેલ) આને મહારોગ ગણાવ્યો. સ્વપ્રચાર, સ્વપ્રસાર અને સ્વપ્રશંસાની ફિલ્મ અભિનેતાઓ અને રાજકારણીઓએ શરૂ કરેલી આ પ્રથા કે પદ્ધતિ જે હવે બદી બની ગઈ છે તે બહુજ ઝડપથી અને વ્યાપક સ્તરે સમાજના મોટા ભાગના ક્ષેત્રોમાં ફેલાઈ ગયી છે.

**છીપનું મોતીઃ** પ્રસિદ્ધિ અને પ્રશંસા એ કદાચ દરેક મનુષ્ય માટે અપવાદ વગરની જરૂરીઆત છે પણ તેનું વ્યસન, વળગણ , અતિરેક્ત અને આડંબર એ અવાંછનીય છે.

# મેઘા ...

વધે શિયાળામાં ક્યાંક ઠંડક થોડી,
ફેલાય અવની ઉપર હિમ ચાદર બની
વધે ઉનાળામાં ક્યાંક ગરમી થોડી,
રેલાય જમીને કદીક ઝાપટાં બની
થાય તૈયારી તડામાર વરસવાની,
ગોરંભાય વાદળ કાળા ડિબાંગ બની
ચમકે વીજ આકાશે ગરજે ગગન ગડગડાટ ,
વરસે વસુંધરાએ અમીધારે વર્ષા બની
ઓઢે ધરા ચાદર લીલીછમ મખમલી,
ભળે ભીની માટીમાં, પ્રસરે મીઠી સૌરભ બની
વરસે ક્યારેક અનારાધાર સાંબેલાધાર
કદીક વરસે કમોસમી માવઠું બની
રહે સંતાયેલી આભ ઓથે આઠ માસ
છતાંય કરે છમકલા અવારનવાર વાદળી બની

**– જ્ઞાનેશ જયચંદ લાપસીયા– મુલુંડ ચેકનાકા**
**૯૯૨૦૫૧૩૪૯૩**


કુવાપધર સ્થાનકે ભલારા દાદાને નમતા ભાવિકો
અને નિયાણી બહેનોને સહપરિવાર આમંત્રણ

**૨૫ મી ધ્વજા મહોત્સવ**

શનિવાર તા. ૩/૧૨/૨૦૨૨

તા. ૧/૧૨/૨૦૨૨ ના દાદર (મુંબઈ) થી સયાજી નગરી એક્સપ્રેસ દ્વારા કચ્છ (કુવાપધર) તરફ પ્રયાણ તેમજ તા. ૪/૧૨/૨૦૨૨ના કચ્છ એક્સપ્રેસ દ્વારા ભુજથી મુંબઈ તરફ રવાનગી

**૨૫મી ધ્વજાનાં લાભાર્થી પરિવાર**

માતુશ્રી ગુણવંતીબેન દેવશી ખીંયરાજ જીવાણી
હસ્તે : અ.સૌ. સ્મીતાબેન રાયચંદ જીવાણી

ધ્વજામાં આવનાર દરેક ભાવિકે કુલ રૂા. ૩૫૦૦/- ભરવાના રહેશે. જેમાંથી એડવાન્સ પેટે રૂા. ૧૫૦૦/- નીચે પ્રમાણેના સંપર્ક સુત્રોને તા. ૨૫/૦૭/૨૦૨૨ સુધી ભરી નામ નોંધાવવા નમ્ર વિનંતી.

લિ.

વિનોદ મોતા 93212 86627
પદમ મોતા 93211 01201
રાયચંદ જીવાણી 87798 75109
ગુલાબ મોતા 94419 16142


**પાસ થયા અભિનંદન**

ડૉ. મીત રાહુલ દંડ-તેરા (અમદાવાદ) એ MBBSની પરીક્ષા ઉત્તીર્ણ કરી ડૉક્ટરની પદવી મેળવેલ છે.

---

જીત રાહુલ દંડ-તેરા (અમદાવાદ) એ ઈજીનિયરીંગ (મેકેનિકલ)ની પરીક્ષા ઉત્તીર્ણ કરી ઈજીનિયરની પદવી મેળવેલ છે.



**પાસ થયા અભિનંદન**
**કુ. ધ્વની અરૂણ વેલજી મોતા**
કોઠારા (મહેબુબનગર-તેલંગાના)
HSC - 98.20%

**ગતાંકનો સુધારો**

તા. ૨૦ જુનના અંકમાં પાના નં ૧૯ ઉપર સમાચારમાં **અ.સૌ. અપેક્ષા અનુજ મોમાયા** વાંચવું.


**તમારી જુની સાચી જરી સારા ભાવે વેચવા અમારું ભાવભર્યું આમંત્રણ**

